



## પરસેવાથી પકાવેલા મગફળીના પાકને ભારે હૈયે સળગાવી પાક સર્વેની કામગીરી અંગે વિરોધ

કમોસમી વરસાદને લીધે ઉત્પાદનના રૂપમાં ખેડૂતોના મોં સુધી આવેલો કોળિયો ઝુંટવાઈ ગયો છે. મગફળી સહિતનો પાક નિષ્ફળ ગયો છે. ઘાસચારો પણ નાશ પામતા પશુપાલનના વ્યવસાયમાં પણ નિભાવની ઘેરી ચિંતા સતાવી રહી છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે ખેતરમાં રહેલો મગફળી અને કપાસનો મોટાભાગનો પાક નિષ્ફળ જતા ખેડૂતોના હાલ બેહાલ બન્યા છે. રાજ્ય સરકારે મહા વાવાઝોડાની ઈફેક્ટના કારણે ખેડૂતો પાયમાલ થઈ જતા રૂ. ૭૦૦ કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કર્યું છે. ખેતીવાડી વિભાગે બાયડ તાલુકામાં ખેડૂતોને ભારે નુકશાન થવા છતાં ૩૩ ટકાથી ઓછું નુકશાન દર્શાવતા ખેડૂતોમાં ભારે રોષ સાથે રીસર્વેની માંગ સાથે ભારે હૈયે મગફળીનો પકવેલા પાકની હોળી કરી વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી જીલ્લામાં ૬ તાલુકામાંથી ૪ તાલુકામાં વાવાઝોડા અને વરસાદથી ખેડૂતો પાયમાલ બન્યા છે. બાયડ ખેતીવાડી વિભાગ દ્વારા ખેતીવાડી અધિકારી અને ગ્રામસેવકોએ ઓફિમાં બેસી પાક સર્વેની કામગીરીમાં ધુપ્પલ ચલાવી ખોટા પંચનામા બનાવી ૭૦ ટકાથી વધુ નુકશાન ધરાવતા ખેડૂતો અંગે ૩૩ ટકાથી ઓછું નુકશાનીનો સર્વે કરતા કમોસમી વરસાદની તારાજીનો ભોગ બનેલા ખેડૂતોને સરકારની કોઈ સહાય મળે તેમ ન હોવાથી માથે પોક મેલીને રોવાનો વારો આવતા ખેડૂતોએ ધારણા યોજી આક્રમક વિરોધ નોંધવાની સાથે રીસર્વે કરવામાં આવેની માંગ કરી સરકાર સામે સૂત્રોચ્ચાર કરી મગફળી સળગાવી વિરોધ નોંધાવ્યો હતો.

# ક્યાં છે મીડિયા સ્વાતંત્ર્ય..?

ગાંધીનગર, તા. ૧૫

લોકશાહીના ચોથા સ્તંભ ગણાતા પ્રેસની હાલત સૌથી મોટા લોકશાહી દેશમાં ડામાડોળ છે. દેશનું સ્થાનિક મીડિયા સુરક્ષિત નથી. ઘટનાઓનુ કવરેજ કરતા પત્રકારો અને ફોટોગ્રાફરો પર હુમલાના બનાવો વધ્યાં છે. ૨૦૧૮ના વર્ષમાં છ જેટલા પત્રકારોની હત્યા થઈ છે અને અનેક પર હુમલાઓ થયા છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે સરકાર અને વહીવટીતંત્ર હુમલાખોરો સામે કડક હાથે કામ લેવાને બદલે તેને છાવરી રહી છે. મીડિયાની સ્વતંત્રતા માટે અને નિષ્પક્ષતા માટે સમગ્ર દેશમાં ઉજવાતા નેશનલ પ્રેસ ડે પર ભારતીય મીડિયા જગતની હાલત ખરેખર ગંભીર છે.

મીડિયાની સ્વતંત્રતા અને

**સમયસર**

**એક લાખ જેટલા અખબારો-મેગેંઝીનો અને ૪૦૦ જેટલી ન્યૂઝ ચેનલ ધરાવતા આ દેશમાં પત્રકારો પર સૌથી વધુ હુમલા : પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષમાં ભારતનુ સ્થાન ૧૪૦મુ : આફ્રિકન દેશો કરતા પણ ખરાબ પરિસ્થિતિ**

નિષ્પક્ષતા માટે કાર્યરત પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની સ્થાપનાના દિવસ એટલે કે ૧૬મી નવેમ્બરે સમગ્ર દેશમાં નેશનલ પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવે છે. પ્રેસ કાઉન્સીલે અખબારો અને અન્ય મીડિયા પ્લેટફોર્મની સ્વતંત્રતા તથા સુરક્ષા માટે લાંબી ગાઈડલાઈન બહાર પાડી છે. બંધારણની કલમ ૧૯૮(એ) હેઠળ વાણી સ્વાતંત્ર્ય અંતર્ગત પ્રેસની સ્વતંત્રતાને વણી લેવામાં આવી છે. બંધારણમાં ઉલ્લેખ હોવા છતાં અને પ્રેસ કાઉન્સિલ ગાઈડલાઈન હોવા છતાં ૧૨૫ કરોડના આ સૌથી વિશાળ લોકશાહી દેશમાં મીડિયા જગત સુરક્ષિત નથી તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષમાં ૧૮૦ દેશો પૈકી ભારતનું સ્થાન ૧૪૦મુ છે. જે ખૂબ નીચુ છે. પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્ષ બહાર પાડતા 'રીપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ'એ નોંધ્યુ છે કે ૨૦૧૮-૧૯ના વર્ષમાં ભારતના પત્રકારો પર હુમલાના બનાવો ચિંતાજનક હદે વધ્યા છે. પોલીસ, માઓઈસ્ટ, ક્રીમીનલ ગ્રાસ અને રાજકીય જુથો દ્વારા પત્રકારો અને તસ્વીરકારો પર હુમલાઓ વધ્યા છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન હુમલાઓમાં અનેકગણો વધારો થયો છે. ખાસ કરીને સ્થાનિક પત્રકારોની સુરક્ષા વધુ જોખમાઈ છે. ૨૦૧૮ના વર્ષમાં છ પત્રકારોની હત્યાની ઘટના ગંભીરતાથી લેવાઈ છે. પત્રકારો પર હુમલાઓ થઈ રહ્યા છે અને તેમને સતત ધમકીઓ મળી રહી છે. આ ઘટનાઓએ ભારતના સ્થાનને બે અંક સુધી ગગડાવ્યુ છે. વળી આશ્ચર્યની વાત તો એ છે કે ભારતનુ સ્થાન પછાત ગણાતા આફ્રિકન દેશો કરતાં પણ પાછળ છે. ઈથોપિયા ૧૧૦માં ક્રમે છે તો ઝામ્બિયા ૯૨મા ક્રમે છે. વળી આ દેશોનું રેન્કિંગ આ મામલે સતત સુધરતુ જાય છે.

લોકશાહીનુ ચોથુ સ્તંભ ભારતમાં સતત ડગી રહ્યું છે. ભારતમાં ૧ લાખ જેટલા નોંધાયેલ અખબારો અને મેગેંઝીન છે. ૪૦૦ જેટલી ન્યૂઝ ચેનલનું પ્રસારણ થાય છે. તે પૈકી ૯૦ જેટલી ચેનલો ૨૪ કલાક ચાલે છે. અસંખ્ય પત્રકારો અને અન્ય સ્ટાફ મીડિયા જગત સાથે સંકળાયેલો છે. વિશાળ સંખ્યામાં મીડિયાકર્મીઓ કાર્યરત હોવા છતાં તેમની સુરક્ષા બાબતે સરકાર જરાય ગંભીર નથી. હુમલાખોરોને સરકાર જ છાવરે છે. ભ્રષ્ટ્રાચાર, કૌભાંડો અને રાજકારણીઓ દ્વારા કરાતી પૈસાની રેલમછેલને પ્રજા સમક્ષ ઉજાગર કરતાં પત્રકારોને સતત જીવનુ જોખમ હોવાથી તેઓને ઉજાગરા કરવા પડે છે. ગૌરી લંકેસ જેવી મહિલા પત્રકારની છડેચોક હત્યા કરી દેવામાં આવી છે. વાણીની કે વિચારોની સ્વતંત્રતાને ગળે ડુમો દઈ દેવામાં આવે છે. સરકાર કે સરકારી બાબુઓના ભ્રષ્ટ્રાચારને ઉજાગર કરનારાઓ આપણા દેશમાં મોસ્ટ અનસેફ છે.

નેશનલ પ્રેસ ડે ની ઉજવણી દેશમાં અનેક સ્થળોએ થશે. મીડિયા સ્વાતંત્ર્યની વાતો થશે, ફુલગુલાબી ચિત્ર રજુ કરવાનો પ્રયાસ કરવામાં આવશે, પરંતુ આ બધામાં જનીની હકીકત ક્યાંક દબાઈ જશે. છેવાડાના ગામડામાં કે અંતરિયાળ વિસ્તારમાં સંશોધનાત્મક પત્રકારત્વ કરતાં એક સામાન્ય પત્રકારનો અવાજ દબાઈ દેવામાં આવશે અથવા તેને યેનકેન પ્રકારે ખરીદી લેવામાં આવશે. છેવાડાના વિસ્તારોની સાચુકલી પરિસ્થિતિ તથા ગરીબો, વંચિતો, ખેડૂતો અને સામાન્યજનની સમસ્યાઓને વાચા આપતા પત્રકારનો શ્વાસ ક્યાંય રૂંધાઈ ન જાય તે જોવાની આપણી સૌની ફરજ છે. લોકશાહીનુ ચોથુ સ્તંભ મજબુત હશે તો જ લોકશાહી મજબૂત બનશે તે આપણે સમજી જવાની જરૂર છે.

## પ્રાંતિજમાં ડેન્ગ્યુનો રોગચાળો વકરે તે પહેલાં પાલિકા તથા આરોગ્યતંત્ર જાગશે ખરૂ ?

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ શહેરમાં ડેન્ગ્યુનો રોગચાળો પોતાનો પંજો પ્રસારી રહ્યો છે. છેલ્લા એક મહિનામાં જ વોર્ડ નં.૫ મા ડેન્ગ્યુના ૧૦ જેટલા કેસ નોંધાયા છે. તેમ છતાં નગરપાલિકાના શાસકો તથા આરોગ્ય તંત્રની ઉંઘ ઉડી હોય તેવું પ્રતિત થતું નથી. જ્યારે-જ્યારે પાલિકાને ડેન્ગ્યુના કેસની જાણ કરવામાં આવે છે. ત્યારે તે વિસ્તારમાં ફોગીંગ મશીનનો ધૂમાડો છોડી પોતાની જવાબદારી પૂર્ણ થયાનું માની લે છે ? ડેન્ગ્યુના મચ્છરોના ઉત્પત્તિ સ્થાનની ચકાસણી કે તેની નાબૂદી માટેના સઘન પગલાં નહીં ભરાય તો આ રોગ જીવલેણ હદે વકરી શકે છે. તેવી ભીતિ વોર્ડ નં.૫ના રહીશોમાં પ્રવર્તે છે. પ્રાંતિજ આરોગ્ય તંત્ર પણ ઘોર નિંદ્રામાં હોય તેવું પ્રતિત થાય છે.

પ્રાંતિજ શહેરના વોર્ડ નં.પાંચમા છેલ્લાં કેટલાક સમયથી એક પછી એક બાળકો ડેન્ગ્યુનો શિકાર બની રહ્યા છે. આજે વ્હોરા જમાતખાના પાસે એક બાળકી તેમજ ટીંઠરીયા સ્ટ્રીટમાં એક બાળકી એમ એક જ દિવસમાં બે પોઝિટીવ કેસો નોંધાતા તેઓને સારવાર અર્થે હિંમતનગર દાખલ કરવામાં આવી છે. આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો પંજો પ્રસારી રહ્યો છે. ત્યારે પ્રથમ સમગ્ર વિસ્તારમાં મેન્યુઅલી તથા ફોગીંગ મશીનથી દવાનો છંટકાવ કરવામાં આવે તેમજ આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની 'ડોર-ટુ-ડોર' તપાસણી કરી તેવા સ્થાનોની નાબૂદી કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની લાગણી અને માગણી છે.

આ અંગે પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટર મોહસીન એમ. છાલોટિયા તથા પ્રાંતિજ શહેર કોંગ્રેસ માઈનોરિટી સમિતિના પ્રમુખ અહેમદ સઈદ ભાણાવાલાએ ચીફ ઓફિસરની રજૂઆત કરી છે. ઉપરાંત રજૂઆતમાં જણાવ્યું છે કે, છેલ્લાં ઘણા સમયથી અહીંના તમામ વિસ્તારોમાં ગટરોની સફાઈ કરવામાં આવી નથી તે કામગીરી સત્વરે કરવા રજૂઆતમાં જણાવ્યું છે.

## હાંસલપુર નજીક લકઝરીએ બાઈકને ટક્કર મારતા એકનુ મોત

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના હાંસલપુર ગામની સીમમાંથી અઠવાડીયા અગાઉ પસાર થઈ રહેલ એક લકઝરીના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી અહીંથી પસાર થઈ રહેલ બાઈકને ટક્કર મારતા તેના ચાલકનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ભાદરડી ગામના ઈશ્વરભાઈ રાજાભાઈ ચેનવાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૭ નવેમ્બરના રોજ હાંસલપુર ગામની સીમમાંથી તેમના ભત્રીજા રાકેશકુમાર ચેનવા તથા અરવિંદજી બાલાજી ઠાકોર બાઈક નં. જીજે.૦૯.એકે.૮૪૭૬ પર બેસી સીવીલમાં નોકરી જવા માટે નિકળ્યા હતા. ત્યારે આઠેક વાગ્યાના સુમારે અહીંથી પસાર થઈ રહેલ એક લકઝરીના ચાલકે લકઝરીને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી. જેથી બાઈક પર જઈ રહેલ રાકેશભાઈ શંભુભાઈ ચેનવાને તથા અરવિંદજી ઠાકોરને ઈજા થઈ હતી. જેમાં રાકેશભાઈ ચેનવાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. હાંસલપુરની સીમમાં બાઈકને ટક્કર મારી લકઝરીનો ચાલક બસ લઈને ભાગી ગયો હતો. ત્યારબાદ આદરડીના ઈશ્વરભાઈ ચેનવાએ અજાણ્યા લકઝરીચાલક વિરૂદ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# રાજયમાં ૩૦થી ઓછી સંખ્યા ધરાવતી ૫૩૫૦ સ્કુલ બંધ થશે

ગાંધીનગર, તા.૧૫


શિક્ષણનું સ્તર ઉંચુ લઈ જવાની અને શિક્ષણમાં ગુજરાતને અગ્રેસર કરવાની ભાજપ સરકારની ગુલબાંગો વચ્ચે રાજયમાં ૩૦થી ઓછી સંખ્યા ધરાવતી ૫૩૫૦ શાળાઓ બંધ કરવાનો આંચકાજનક નિર્ણય લેવાયો છે. જેથી હવે રાજયમાં ૩૦ કરતા ઓછા વિદ્યાર્થી ધરાવતી શાળાઓ બંધ કરાશે. આ શાળાઓમાં અભ્યાસ કરતાં હાલના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ખસેડવામાં આવશે. ચોંકાવનારી વાત એ છે કે, રાજયમાં ૪૫૦૦ શાળાઓમાં ૩૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હોવાનુ સામે આવ્યું છે તો, ૮૫૦ શાળાઓ તો એવી છે કે, જેમાં માત્ર દસ કરતાં પણ ઓછા વિદ્યાર્થી હોવાની વાત આવી છે. જેથી હવે આ ૫૩૫૦ શાળાઓ બંધ કરી અન્યમાં મર્જ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભણશે ગુજરાત આગળ વધશે ગુજરાતની વાતો વચ્ચે ગુજરાતની શાળાઓની દયનીય સ્થિતિ સામે આવતાં રાજયના શિક્ષણજગતમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે. ગુજરાતમાં ખરેખર સરકારી શાળાઓનું સ્તર કથળી રહ્યુ છે અને અમુક અંતરિયાળ વિસ્તારમાં વિદ્યાર્થીઓની સંખ્યા ચિંતાજનક છે ત્યારે સરકાર દ્વારા શાળાઓના મર્જ કરવામાં આવશે. રાજયની ૮૫૦ શાળાઓમાં ૧૦ કરતા ઓછા વિદ્યાર્થીઓ હોવાનુ સામે આવ્યું છે. ૯૦૦૦થી વધુ ફાજલ શિક્ષકો જૂથ શાળામાં ફાળવાશે. શાળાઓ બંધ કર્યા બાદ નવ હજાર શિક્ષકોની જૂથ શાળાઓમાં નિમણૂંક કરવામાં આવશે.

## ગાંધીનગરના સિનિયર પત્રકાર મનિષ વ્યાસના પિતાનું અવસાન

ગાંધીનગર, તા,૧૫

છેલ્લા પાંચ દાયકાથી પત્રકારત્વ ક્ષેત્રે સંકળાયેલા જશવંતભાઈ



દેવેન્દ્રભાઈ વ્યાસ (મેવડવાળા-જિ. મહેસાણા)નું તા. ૧૪ નવેમ્બરના રોજ અમદાવાદમાં અવસાન થયું છે. તેઓની ઉંમર ૭૨ વર્ષ હતી. છેલ્લા ત્રણેક માસથી તેઓ બિમાર હતા. અમદાવાદ સંદેશમાં તેમણે લાંબા સમય સુધી ફરજ બજાવી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના સિનિયર પત્રકાર મનિષ વ્યાસ (ગુજરાત મિત્ર) તથા રાકેશ વ્યાસ (સંદેશ) અને તેજસ વ્યાસના તેઓ પિતા છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૭ નવેમ્બરના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન ધરતી વિકાસ મંડળ, ન્યૂ એસી હોલ, વિજયનગર પેટ્રોલ પંપ સામે, નારણપુરા ખાતે રાખવામાં આવ્યું છે.

# દબાણ કેસમાં પૂર્વ મંત્રી બાબુ બોખીરીયાને નોટિસ અપાઈ

### બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા માટે નિર્દેશ : કેસમાં રાજય સરકાર, વન વિભાગ અને મહેસૂલ વિભાગ પણ પ્રતિવાદી

સરકારી જમીન પર કથિત દબાણના કેસમાં પૂર્વ મંત્રી બાબુભાઈ બોખીરિયાને ગુજરાત હાઈકોર્ટે નોટિસ ફટકારી છે. હાઈકોર્ટે આ કેસમાં બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી છે. જાહેરહિતની આ રિટની સુનાવણી દરમ્યાન બોખીરીયા આણિમંડળી દ્વારા સરકારી જમીન પર દબાણ કરાયુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જામનગરના ભરડવા ગામમાં જંગલની જમીનને નોન એગ્રીકલ્ચર લેન્ડમાં તબદીલ કરી અન્ય હેતુ માટે તેનો ઉપયોગ થયો હોવાનું સામે આવતાં મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. જમીનમાંથી નીકળતા લાઈમ સ્ટોન પર કબ્જો જમાવવાના હેતુથી જમીન ખરીદાઈ અને કથિત દબાણ કરાયું હોવાના આક્ષેપ સાથે હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી કરાઈ છે, તેની સુનાવણીમાં હાઈકોર્ટે પૂર્વ મંત્રી બાબુ બોખીરિયાને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. જ્યારે રાજ્ય સરકારે જંગલખાતા, મહેસુલ વિભાગ સહિતના સંબધિત વિભાગો માટે નોટિસ સ્વીકારી છે. આ મામલે બાબુ બોથીરિયાના સંબંધીની ભાગીદારી પેઢી કોર્ટમાં સામેથી હાજર થઈ જવાબ રજૂ કરવા સમય માંગ્યો છે.

# ડીસાની છોટા ગવાડી શાળામાં શિક્ષણને બદલે લગ્નવિધિ...!

### શાળા સંચાલકો બેફામ : બાળકોના ભણતર ઉપર અસર

ડીસા

ડીસાના છોટા ગવાડી પ્રાથમિક શાળામાં પ્રાથમિક શાળામાં શાળા સંચાલકો દ્વારા





શિક્ષણ વિભાગની મંજૂરી વગર શાળા લગ્ન માટે આપી દીધી હોવાની રાવ ઉઠી હતી.બીજી તરફ શુક્રવારે શાળામાં વિધાર્થીઓ ગેરહાજર હતા.આ અંગે શા ળાના આચાર્યને પૂછતાં ભડકીને ઉડાઉ જવાબ આપ્યો હતો.

દિવાળી વેકેશન પૂર્ણ થઈ ગયું છે બે દિવસથી શાળાઓ શરૂ થઈ ચૂકી છે ત્યારે વેપારી મથક ડીસાના ગવાડી વિસ્તારમાં આવેલ છોટાપુરા ગવાડી પ્રાથમિક શાળામાં શાળા સંચાલકોએ શિક્ષણ વિભાગની પરવાનગી વગર શાળા લગ્ન માટે આપી દીધી હોવાની ચર્ચાએ જોર પકડયું હતું શુક્રવારે શાળા માં વિદ્યાર્થીઓની નજીવી સંખ્યા જોવા મળી હતી. શાળામાં મંડપ બાંધ્યો હતો તેમજ મોટા વાસણો જોવા મળ્યા હતા ત્યારે આ અંગે શાળાના આચાર્ય આરીફખાંન ઘાસુરાને પૂછતાં તે અકળાયા હતા.અને તુમાખી ભર્યું વર્તન આચર્યું હતું. બીજી તરફ શાળામાં વિદ્યાર્થીઓ ગેરહાજર હોવા અંગે પૂછતા તેઓ જણાવ્યું હતું કે શુક્રવારના દિવસે વિદ્યાર્થીઓ નમાજ પઢવા ગયા હતા એક તરફ સરકાર શિક્ષણનો વ્યાપ વધારવા માટે લાખો રૂપિયાના ખર્ચે અનેક કાર્યક્રમો કરે છે ત્યારે શિક્ષણ વિભાગને અંધારામાં રાખી શાળા સંચાલકો દ્વારા આ પ્રકારની કામગીરી કરતા વાલીઓમાં રોષ ભભૂક્યો હતો અને શું આ જ રીતે શાળામાં બાળકો ભણશે તેવા અનેક સવાલ ચર્ચાયા હતા આ અંગે તાલુકા શિક્ષણ અધિકારી જાગૃતીબેન દેસાઈએ જણાવ્યું હતું કે સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવશે રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શાળામાં શિક્ષણને બદલે લગ્નવિધિ થતા બાળકોના ભણતર ઉપર પણ વિપરીત અસરો પડતી હોવાનું વાલીઓએ જણાવ્યું હતું.

### કાર્યશાળા - સ્નેહમિલન... ● છેલ્લા પાનાનું ચાલુ

- તલાટીઓને ગામના વિકાસમાં અને કોઈ એકના ઘરમાં આપના હસ્તે દિપ પ્રગટશે તો આપને તે કામ કર્યાનો સમગ્ર જીવન દરમ્યાન એક સંતોષ રહેશે.

આ પ્રસંગે સર્વે સરપંચો અને તલાટીઓને સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત સમજ આપતું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મનિષાબેન પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન નરેશભાઈ ઠાકોર, વિરોધ પક્ષના નેતા જયશેભાઈ ચૌધરી, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર સહિત મોટી સંખ્યામાં વિવિધ ગામના સરપંચો અને તલાટીઓ સાથે સાથે જિલ્લા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

### મેડીકલ સ્ટોરની... ● છેલ્લા પાનાનું ચાલુ

આજ સ્થળે મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા માતૃવંદના કાર્યક્રમને લઈ પણ ખાસ સ્ટોલ ઉભો કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી દ્વારા લોંચ કરાયેલ આ યોજનામાં સલામત માતૃત્વ સહિતની વિવિધ વિષયોની જાણકારી આપતી માહિતી મહિલા સરપંચોને પુરી પાડવામાં આવી હતી.

**● ૩૦ થી વધુ યોજનાના પ્રેઝન્ટેશન રજુ થયા**

આજની આ કાર્યશાળામાં પંચાયતની વિવિધ શાખાઓ દ્વારા ૩૦ થી વધુ યોજનાઓના પ્રેઝન્ટેશન રજુ થયા હતા જેમાં મેળવેલ સિદ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યુ હતુ.

### ઓડ-ઈવન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે એમ પણ કહ્યું હતું કે, જો આ સ્કીમમાં કોઈને પણ છુટછાટ ન આપવામાં આવે તો વધારે સારા પરિણામ મળી શકે છે. દિલ્હી સરકારે દોહરાવ્યું હતું કે, પાટનગરમાં પ્રદૂષણનું મુખ્ય કારણ ખેતીના અવશેષોને સળગાવી દેવા માટેનું છે. ગયા વર્ષે ઓડ ઈવનની અસર પર કોઈ અભ્યાસની કામગીરી હાથ ધરાઈ ન હતી. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને પ્રદૂષણ મુદ્દે વેધક પ્રશ્નો કર્યા હતા. લોકો શ્વાસ કઈ રીતે લે. પ્રદૂષણને રોકવા કયા પગલા લેવાઈ રહ્યા છે તેવા પ્રશ્નો કરાયા હતા. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, અમે પ્રદૂષણ ઉપર નિયંત્રણ મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ કુદરત અમારી સાથે દેખાઈ રહી નથી. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યું હતું કે, પાટનગર દિલ્હીમાં હાલમાં ઓડ ઈવનની અવધિને લંબાવવામાં આવશે નહીં. જો કે, સરકાર વેઈટ એન્ડ વોચ મુડમાં છે. ભાવિ ફેંસલો સોમવારના દિવસે કરવામાં આવશે. આ ઉપરાંત કેજરીવાલે અન્ય એક મોટો નિર્ણય પણ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, હવે દિલ્હીમાં સેપ્ટીક ટેંકની સફાઈ ફ્રીમાં કરવામાં આવશે. આગામી બે દિવસમાં કેટલીક બાબતો સ્પષ્ટ થઈ શકે છે. કેજરીવાલે ઓડ ઈવનના મુદ્દા પર પ્રજાને શુભેચ્છા પાઠવી હતી. બે કરોડની વસ્તીમાં દરરોજ ૨૫૦થી ૩૦૦ ચાલાણ કાપવામાં આવ્યા છે. દિલ્હીમાં સામાન્યરીતે ૩૦ લાખ ગાડીઓ માર્ગ ઉપર ઉતરે છે. ઓડ ઈવનમાં ૧૫ લાખ ગાડીઓ ઉતરે છે. આવી સ્થિતિમાં પ્રદૂષણ ઘટે છે. બીજી બાજુ દિલ્હીમાં પ્રદૂષણને લઈને બેઠક બોલાવવામાં આવી હતી પરંતુ બેઠકમાં ગેરહાજર રહેલા ગૌત્તમ ગંભીર ઈન્દોરમાં જલેબીની મજા માણતા નજરે પડતા ફોટાઓ વાયરલ કરવામાં આવ્યા છે. પૂર્વીય દિલ્હીમાંથી ભાજપના સાંસદ અને પૂર્વ ક્રિકેટર ગૌત્તમ ગંભીરના કેટલાક ફોટાઓ વાયરલ થયા છે જેમાં તે વીવીએસ લક્ષ્મણ અને કોમેન્ટેટર સાથે જલેબીની મજા માણતા નજરે પડી રહ્યો છે.

### ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએનએક્સ મિડિયા ગ્રુપ એફઆઈપીબી તરફથી જે મંજુરી અપાઈ હતી જેમાં મોટાપાયે ગેરરીતિ થઈ હતી. આઈએનએક્સ મિડિયા મામલામાં ૨૨મી ઓગષ્ટના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદથી તેમની તકલીફ અકબંધ રહી છે. નાટ્યાત્મક રીતે ધરપકડ કરવામાં આવ્યા બાદ રાત્રી ગાળા દરમિયાન પુછપરછનો દોર ચાલ્યો હતો. રાત્રી ગાળા દરમિયાન ગૃહ અને નાણાં પ્રધાન રહી ચુકેલા ચિદમ્બરમને સીબીઆઈના અધિકારીઓ દ્વારા ઈન્દ્રાણી અને પીટર મુખર્જીને લઈને પ્રશ્નો કર્યા હતા. જો કે ચિદમ્બરમે આ ગાળા દરમિયાન પણ પ્રશ્નોના જવાબ યોગ્ય રીતે આપ્યા ન હતા. કેટલાક પર જવાબી સવાલ પણ કર્યા હતા. ચિદમ્બરમની ધરપકડ કરવામાં

આવ્યા બાદ તેમને મોડી રાત્રે સીબીઆઈ હેડક્વાર્ટર પર લઈ જવામાં આવ્યા હતા. ૨૨મી ઓકટોબરના દિવસે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન પી. ચિદમ્બરમને આઈએનએક્સ મિડિયા કેસના મામલામાં સુપ્રીમ કોર્ટ તરફથી જામીન મળી ગયા હતા. ચિદમ્બરમને કોઈપણ પ્રકારની રાહત મળી રહી નથી. તેમના તરફથી વરિષ્ઠ વકીલો દ્વારા તમામ દલીલો અને પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં કોઈપણ પ્રકારની રાહત મળી રહી નથી. આઈએનએક્સ મિડિયા મનિ લોન્ડરિંગ કેસમાં ચિદમ્બરમને હજુ સુધી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

## છત્રાલ પાસેથી બંદુક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર એસઓજીની ટીમે છત્રાલ પાસેથી દેશી બનાવટની બંદુક સાથે એક ઈસમને પકડી પાડ્યો છે. એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ જગતસિંહને બાતમી મળી હતી. જેને પગલે પોલીસે છત્રાલ ગામની સીમમાં નિરમા કંપનીની દિવાલ પાછળના ભાગેથી હનીફ અલ્લારખા ડફેરને (ઉ.વ.૨૮ રહે.યાસ્મીન સોસાયટી ધંધુકા)ને પકડી પાડ્યો હતો. આરોપી પાસેથી લાઈસન્સ વિનાની દેશી હાથ બનાવટની સિંગલ બેરલની બંદુક મળી આવી હતી. જેથી એસઓજી પોલીસે આરોપી સામે કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

આગામી તા. ૩જી ડિસેમ્બરે "વિશ્વ વિકલાંગ દિવસ" ઉજવાશે. આ પ્રસંગે અમદાવાદના વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા આશ્રમરોડ પરના ટાઉનહોલ ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ યોગદાન બદલ સાત દિવ્યાંગ વિભૂતિઓનું સન્માન કરવામાં આવશે.

વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કાર્યક્રમમાં નૃત્યગીત-સંગીત, સાંસ્કૃતિક કૃતિઓ સહિતનું અદ્ભૂત કલા પ્રદર્શન યોજાશે. કાર્યક્રમમાં તમામ કૃતિઓ દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા જ પ્રસ્તુત કરાશે. કાર્યક્રમમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, જાણીતા ગાયક બંકિમભાઈ પાઠક સહિત સાત દિવ્યાંગ વિભૂતિઓનું સન્માન કરાશે. કાર્યક્રમમાં સર્વ ધર્મના વડા, મહંતો, ઉદ્યોગપતિઓ, તબીબો, વકીલો, નામાંકિત ગાયક કલાકારો, હાસ્ય કલાકારો પદ્મશ્રી એવોર્ડ ધારકો સહિતના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

**સાત દિવ્યાંગ વિભૂતિઓનું સન્માન કરાશે**

- કૃષ્ણકાન્ત જહા
- ફિરાજભાઈ વ્હોરા
- મોહસીનભાઈ કાદરી
- બકુલભાઈ રાવલ
- બંકિમભાઈ પાઠક
- કમલેશભાઈ પટેલ
- કુલસુમબેન

# બ્રહ્માકુમારીઝના ૪૦મા વાર્ષિકોત્સવમાં તપસ્વીમૂર્ત આત્માઓનું સન્માન કરાશે

ગાંધીનગરના સેકટર-૨૮ ખાતેના પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સેવા કેન્દ્રને ૪૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત ૪૦મા વાર્ષિકોત્સવમાં તપસ્વીમૂર્ત આત્માઓનો સન્માન સમારોહ યોજાશે. આગામી તા. ૨૮મી નવેમ્બરે સે-૨૮માં રંગમંચ ખાતે સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન યોજાનારા વાર્ષિકોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સમારોહમાં પ્રસંશનીય સામાજિક સેવા બદલ ઠાકરશીભાઈ પટેલ તથા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચનું વિશેષ સન્માન કરાશે. વાર્ષિકોત્સવના પ્રારંભ પૂર્વે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માકુમારીઝ દ્વારા પીસ માર્ચ યોજાશે. આ પીસ માર્ચ બાદ વાર્ષિકોત્સવ સમારંભ પ્રારંભ થશે. જેમાં કાર્યક્રમના અધ્યક્ષપદે શહેરના મયેર રીટાબેન પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના મુખ્ય વકતા બીકે નેહાદીદી જેઓ મણીનગર સબઝોનના ઈન્ચાર્જ છે તેમના દ્વારા વકતવ્ય રજૂ કરાશે. આ પ્રસંગે સે-૨૮ બ્રહ્માકુમારીઝના સંચાલિકા બી.કે. કૈલાશદીદી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, ગોલ્ડન લેડી વીંગના પ્રમુખ તથા કોર્પોરેટર હર્ષાબા ધાંધલ વગેરે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.